	સાબરમતી પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર ફોન નંબર : ૦૭૯-૨૭૫૦૬૮૧૯	

પ્રેસનોટ

ન્યુ રાણીપ વિસ્તારમાં બિલ્ડરની ઓફિસે જઇ ખંડણી માગનાર ચાર અસામાજીક તત્વોની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

તા.૦૯/૧૨/૨૦૧૯ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશનના ન્યુ રાણીપ વિસ્તારમાં આવેલ આશ્રય-૯ નામની કન્સટ્રક્શન સાઇટ ઉપર જઇ ચાર અસામાજીક તત્વો દ્વારા તોડફોડ અને રૂપીયા પચ્ચીસ લાખની ખંડણી માંગવા બાબતની ફરિયાદ સાબરમતી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૮૭/૧૯ ઇ.પી.કો. ક. ૩૮૬, ૩૮૭, ૪૨૭, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ મુજબ નોંધાયેલ જે ગુનાની ગંભીરતા ધ્યાને માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ તાત્કાલીક આરોપીઓની ધરપકડ કરવા આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડ તથા અન્ય સ્ટાફની ટીમો બનાવી આ ગુનામાં સંડોવાયેલ ચાર આરોપીઓની શોધખોળ હાથ ધરેલ અને ગણતરીના સમયમાં આ કામના આરોપીઓ (૧) વાઘુભાઇ ઉર્ફે વાઘેન્દ્ર શકરભાઇ રબારી (૨) અલ્પેશ ઉર્ફે બબુ ભુપતભાઇ ચૌહાણ (૩)રાહુલ જગદીશભાઇ ગુપ્તા તથા (૪)મુકેશભાઇ વિરાભાઇ જાતે કારેણા નાઓની તા.૧૦/૧૨/૧૯ ના ક.૨૦/૧૫ નાઓની સાબરમતી પોલીસ સ્ટેશનના પો.સ.ઇ. શ્રી એ.જે.દેસાઇ નાઓએ ધરપકડ કરેલ અને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આમ સાબરમતી પોલીસ સ્ટેશનના સ્ટાફના સંયુક્ત પ્રયાસથી ચાર અસામાજીક તત્વોને ગણતરીના સમયમાં શોધી કાઢી તેઓની ધરપકડ કરવામાં અમદાવાદ શહેર પોલીસને સફળતા મળેલ છે.

તા.૧૨-૧૧-૨૦૧૯